BUSINESS MIX Plus

ટેરિફવોર અને પોવેલ-ટ્રમ્પ વચ્ચેનો ગજગ્રાહ બજારો માટે શોર્ટ ટર્મ વાઈલ્ડ કાર્ડ

ભારત અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલ સતત લંબાતા અને વૈશ્વિક ભુરાજકીય તનાવમાં સતત વધારો, મેક્રોઇકોનોમિક ડેટા અને એફઆઇઆઇની વેચવાલીને કારણે 2026નો આરંભ નબળો રહ્યો છે. નિફ્ટી 26200થી ઘટી 25600-25700 આસપાસ આવ્યો છે. રૂપિયો 90.50ની સપાટી વટાવી જતા 91-92 રિટેસ્ટ કરે એવી શકયતા છે. ભારત અમેરિકા ટ્રેડ ડિલ લંબાય અને વેનેઝુએલા-ઇરાન- ગ્રીનલેન્ડ જેવા લશ્કરી તનાવ અને ટેરિફવોર, ફેડ-ટ્રમ્પ વચ્ચે સંબંધો વણસે તો નિફ્ટી અને રૂપિયા પર દબાવ વધી શકે છે પણ ભારતીય અર્થતંત્રની લોંગ ટર્મ ગ્રોથ સ્ટોરી હજૂ અકબંધ છે.

સ્થાનીક બજારમાં મેક્રોઇકોનોમિક મોરચે અપેક્ષાથી કમજોર ક્રેડિટ ગ્રોથ, ગ્લોબલ ઔદ્યોગિક કોમોડિટીઝમાં તેજી, એશિયા મધ્યપૂર્વનો તનાવ જેવા કારણો ટુંકા ગાળા માટે નેગેટિવ છે પણ હવે ક્વોલીટી મીડકેપમાં બારગેન બાઇંગ આવે છે. 6-6.5 ટકાનો બેઝલાઇન જીડીપી ગ્રોથ જોતા 2026માં નિફ્ટી 27500-28000 વચ્ચે રહી શકે. સેકન્ડ હાફ અપબીટ લાગે છે. જીએસટી કટ પછી ઓટો સેકટરમાં સોલિડ રિબાઉન્ડ આવ્યો છે. ખરિફ ઉત્પાદનમાં સારુ વરસ અને રવી પાકોમાં ઉજળુ ચિત્ર જોતા ગ્રામ્ય અર્થતંત્રમાં માગ સુધરશે. વૈશ્વિક વેપાર યુધ્ધ અને લશ્કરી તનાવો વચ્ચે પણ ભારત 7.4 ટકા જેવો ઉંચો વિકાસદર જાળવી શક્યું છે. જાપાનને ઓવરટેક કરી વિશ્વની ચોથા ક્રમની મોટી ઇકોનોમી બની શક્યું છે. આવતા બે વરસમાં ભારત કદાચ જર્મનીથી આગળ નીકળી વિશ્વની ત્રીજી મોટી ઇકોનોમી બની જશે. ગ્લોબલ મોનીટરી ઇઝીંગ, ટ્રેડ ડીલ અને ટેરિફ- નવા ફેડ ચેરમેનની નિયુકતી પછી ઘણી ખરી અચોકસતા દૂર થાય તો 2026ના સેકન્ડ હાફમાં નિફ્ટી 27500-28000 જવાની શકયતા છે. ડિફેન્સ, માઇનીંગ, ઓટો, હોટેલ્સ, લકઝરી ગુડઝ, રેલ્વે, પાવર જેવા સેકટરમાં મેક્રો ઇન્વેસ્ટમેન્ટ આઉટલુક પોઝિટિવ દેખાય છે. ટેકસટાઇલ, સ્ટિલ, ફાર્મા, જેમ્સ જવેલરી સેકટર દબાવમાં છે. ઇલેક્ટ્રોનિકસ, હાઇ એન્ડ વ્હાઇટ ગુડઝમાં પણ આઉટલુક પોઝિટિવ છે.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો ગ્લોબલ સેમીકંડકટર, ટેકનોલોજી શેરોમાં તાજેતરના કરેકશન પછી તેજીનું મજબૂત કમબેક દેખાય છે. મેમરી- ડીઆરએમ ચિપ્સમાં માલની સામે ડિમાન્ડ ઘણી મજબૂત રહેતા ભાવોમાં જોરદાર તેજી છે. ગત વરસે મીડ ટર્મ ઇલેકશનમાં શાસક પક્ષના કંગાળ દેખાવ અને એફોર્ડેબીલીટી- મોંઘવારી સળગતી સમસ્યા બની હોઇ હવે મેક અમેરિકા ગ્રેટ અગેઇનના સૂત્રમાં મેક અમેરિકા એપોર્ડેબલ અગેઇન સૂત્ર પણ ભળ્યું છે. ફુગાવો ફેડના લક્ષાંક કરતા હજૂ

બિરેન વકીલ

પણ ઉંચો છે. વ્યાજદરમાં આક્રમક ઘટાડા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર ફેડ પર દબાવ વધારતુ જાય છે પણ પોવેલ મચક આપતા નથી. મોંઘવારી તેમજ એફોર્ડેબીલીટીની સમસ્યા સૂલઝાવવા અને ટ્રેડ-ટેરિફ વોરથી અમેરિકી નાગરીકોની નારાજગી દૂર કરવા ક્રેડિટ કાર્ડ રેટ પર 10 ટકાની મર્યાદા, હોમલોન રેટ ઘટાડવા અંગે વિચારણા કરી રહ્યા છે. હાઉસીંગ સેકટરની મંદી ડામવા મોરગેજ લોન પોર્ટેબીલીટી શરુ કરી રિઅલ એસ્ટેટ એફોરેડેબલ બને એ માટે પણ કદાચ પગલાઓ આવશે. ટેરિફની કાયદેસરતા પડકારવાના મામલે અંદાજે 1000 જેટલા મુકદમા દાખલ થયા છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલત ટેરિફની કાયદેસરતા મામલે તારીફ પે તારીખ આપે જાય છે એટલે મામલો લટકતી તલવાર જેવો છે. ફેડના વર્તમાન ચેરમેન પોવેલનો કાર્યકાળ

સોનાચાંદીમાં કરેકશન- એગ્રીકોમોડિટીઝમાં તેજીનું કમબેક- ભારતની લોંગ ટર્મ ગ્રોથ સ્ટોરી બરકરાર

મે માસમાં પુરો થાય છે. માર્ચ માસમાં તો રેટકટ લગભગ નહી આવે, પણ જૂનમાં નવા ચેરમેન કોણ આવે એના પર નાણાંનીતિની અટકળો રહેશે. અત્યાર સુધી નેશનલ ઇકોનોમિક કાઉન્સિલના ચેરમેન કેવીન હેસેટ રેસમાં આગળ હતા. હવે ફેડ ગવર્નર કેવિન હાર્શ રેસમાં ટોપ કન્ટેન્ડર છે. હાલમાં ફેડ નાણાંનીતિ મામલે વિભાજીત છે. ચેરમેન પોવેલ સામે કાનૂની કાર્યવાહીની ચિમકી અને વોશિંગ્ટનના દબાવ સામે પોવેલે લાઇવ વીડીયોમાં આક્રમક પલટવાર કર્યો છે. આ મામલો વણસે તો અમેરિકી શેરબજારોની તેજીના રંગમાં ભંગ પડે. ઇકોનોમી મામલે ટ્રમ્પ સામે અસંતોષ વધતો જાય છે. એફોર્ડેબીલીટીનો મુદ્દો નવેમ્બર મીડ ટર્મમાં નડે નહી એ માટે કદાચ નવતર રાષ્ટ્રવાદ- મનરો ડોકટરીનનું નવતર રુપ વિકસ્યુ છે. (ગીમીક)

બ્લેક સીથી શરુ થયેલો લશ્કરી તનાવ રેડ સી, બાલ્ટિક, એજીઅન સી, એઝોવ સી, આર્કિટક સુધી ફેલાયા પછી હવે કેરેબીયન, સાઉથ ચાઇના સીમાં પણ તનાવ દેખાય છે. 2026ના આરંભે વેનેઝુએલા, ગ્રીનલેન્ડ, ઇરાન, થાઇલેન્ડ કમ્બોડીયા, અને આગામી સમય કદાચ ચીન-તાઇવાન અને ચીન-જાપાન વચ્ચે પણ તનાવ વધવાના એંધાણો સાંપડે છે. ટ્રમ્પને જો બંધૂકના નાળચે સાંતી જોઇતી હોય તો એ મુરાદ જીનપિંગ કે પુતિન કે યુરોપ પાર પાડવા દે એમ નથી. યુરોપિયન ડિફેન્સ શેરો અને સરકારોનું ડિફેન્સ બજેટ જોતા યુરોપ (નાટો માઇનસ અમેરિકા) લાંબા ગાળાના મોટા સંઘર્ષ માટે તૈયારીમાં દેખાય છે.

કોમોડિટીઝની વાત કરીએ તો સોનાચાંદી,પ્લેટિનમ,કોપરમાં તેજી થાક ખાય છે. ઓવરઓલ તેજીનો ટ્રેન્ડ બરકરાર છે. ડોલરમાં કમજોરી, સ્વિસ ફ્રાંક, પાઉન્ડ, યુરો અને બ્રિકસ કરન્સીઓમાં તેજીનો ટ્રેન્ડ બરકરાર છે. રૂપિયાની હાલની કમજોરી કામચલાઉ દેખાય છે. ગ્લોબલ ડોલર સોનું, બીટકોઇન, યુરોપિયન કરન્સી સામે ઘસાતો જાય છે, રૂપિયા સીવાયની બધી બ્રિકસ કરન્સીમાં તેજી છે. 2024-25માં સોનાચાંદી, મેટલ્સ, ક્રુડ પછી 2026ના વરસમાં કદાચ એગ્રીકોમોડીટીઝમાં તેજીનું કમબેક થશે.

ભારતની પ્રગતિમાં સ્ટાર્ટઅપ્સ મોટો હિસ્સો બનશે

સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ દેશભરમાં એક સર્વાગી અને નવીન ઇકો સિસ્ટમમાં વિકસિત થઇ છે. યુવાનોની ઉદ્યોગ સાહસિક ઉર્જાને રોજગાર સર્જન અને આર્થઇક વિકાસને વેગ આપવા માટે તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત 2047ના મિશનને સાકાર કરવાનો માર્ગ મોકળો કરી રહી છે. ભારત આજે વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસીસ્ટમ એક છે. ઉદ્યોગ સાહસિકતા એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઇ છે, જે ભારતના આર્થિક લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહી છે અને વિકાસ અને રોજગાર સર્જનનું નું એન્જિન બની રહી છે અને વિકાસ તથા રોજગારનું સર્જનનું નવું એન્જિન બની રહી છે.

આ પરિવર્તન રાતોરાત થયું નથી. જ્યારે પ્રધાનમંત્રીએ 2015ના સ્વાતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીરથી સ્ટાર્ટઅપ ઇન્ડિયાની જાહેરાત કરી હતી, ત્યારે તેમણે દેશના દરેક જિલ્લા અને દરેક બ્લોક સુધી પહોંચવા માટે એક સ્પષ્ટ અને મહાત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. 16 જાન્યઆરી, 2016ના રોજ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન

કરન્ટ-ટોપિક

ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા લોન્ચ થયા પછી સ્ટાર્ટઅપ ઇન્ડિયાએ ઘણો લાંબો રસ્તો કાડ્યો છે. સ્ટાર્ટઅપ્સ દેશના અર્થતંત્રના ઘણા મુખ્ય ક્ષેત્રોને પુર્નજીવિત કરી રહ્યા છે.

આઇટી સેવાઓ, આરોગ્ય સંભાળ અને જીવન વિજ્ઞાન, શિક્ષણ, કૃષિ અને ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં સૌથી વધુ સંખ્યામાં સાર્ટઅપ્સ સક્રિય છે. વધુમાં ક્લાયમેન્ટ ટેકનોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રકચર સહિત 50થી વધુ અન્ય ઉદ્યોગોમાં નવા સાહસો ઉભરી આવ્યા છે. આ વ્યાપકતા વિવિધ ક્ષેત્રોમાં નવીનતા અને શક્તિને પ્રતિબંબિત કરે છે, ખાસ કરીને રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ માટે મહત્વપુર્ણ ક્ષેત્રોમાં છે.

છેલ્લા દાયકામાં એક મોટો ફેરપાર નવીનતા અને એઆઇ પર વધતુ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ 2015માં 81 ક્રમે હતો, તે ગત વર્ષે 38માં ક્રમે પહોંચ્યો હતો અને ડીપ ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સ માટે સરકારી સમર્થન આમાં વધુ સુધારો કરશે. પ્રધાનમંત્રીની ડિજિટલ ઇન્ડિયા પહેલને કારણે એઆઇ સ્ટાર્ટઅપ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે.

પ્રધાનમંત્રી ટેકનોલોજી સઘન રાષ્ટ્ર બનાવવાના વિઝનના ભાગરૂપે, નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન ફોર રિસર્ચની સ્થાપના કરવામાં આવી છે અને ઇન્ડિયા એઆઇ મિશન અને રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ ઇનોવેશન સ્કીમ શરૂ કરવામાં આવી છે.

ભારતીય સ્ટાર્ટઅપ્સ એરોનોટિક્સ, એરોસ્પેસ અને ડિફેન્સ, રોબોટિક્સ, ગ્રીન

આઇટી, હેલ્થકેર, લાઇફ સાયન્સ, એજ્યુકેશન, કૃષિ તતા ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં સૌથી વધુ સંખ્યામાં સ્ટાર્ટઅપ્સ સક્રિય જોવાયા

ટેકનોલોજી, ઇન્ટરનેટ ઓફ થીંગ્સ અને સેમિકંડકટર જવેવા ક્ષેત્રોમાં પણ નવીનતા લાવી રહ્યા છે. બૌદ્ધિક સંપત્તિ નિર્માણમાં ઝડપી વૃદ્ધિ આ વલણને વધુ મજબૂત બનાવે છે.

ભારતીય સ્ટાર્ટઅપ્સે 16400થી વધુ નવી પેટન્ટ અરજીઓ ફાઇલ કરી છે, જે મુળભૂત નવીનતા, લાંબાગાળાના મુલ્ય નિર્માણ અને વૈશ્વિક સ્પર્ધાત્મક પર વધતા ધ્યાનને પ્રતિબંબતિ કરે છે. ઉદ્યોગ સાહસિકતા માટે રાષ્ટ્રવ્યાપી સમર્થન એટલું જ મહત્વપુર્ણ છે.

સ્ટાર્ટઅપ્સ શરૂ થયું ત્યારે કેટલાક રાજ્યોમાં જ નીતિઓ હતી, જે આજે ભારતમાં 30થી વધુ રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશમાં છે. અત્યાર સુધીમાં બે લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે, જે નીતિ-સંચાલિત ઇકો સીસ્ટમમાં એક દાયકાના સતત વિકાસને પ્રતિબંબિત કરે છે. ફક્ત 2025માં 49,400થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપી છે. જે સમગ્ર વિશ્વ તેમનું બજાર બની રહ્યું છે. તેમની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને ટેકો આપવા માટે, સ્ટાર્ટઅપ ઇન્ડિયાએ મજબૂત આંતરરાષ્ટ્રીય ભાગીદારી બનાવી છે. હવે 21 આંતરરાષ્ટ્રીય પુલ અને 2 વ્યૂહાત્મક જોડાણો છે, જે યુકે, જાપાન, દક્ષિણ કોરિયા, સ્વીડન અને ઇઝરાયેલ સહિત મુખ્ય અર્થતંત્રોમાં બજાર એકસેસ, સહયોગ અને વિસ્તરણને સરળ બનાવે છે. અત્યાર સુધીમાં 850થી વધુ સ્ટાર્ટઅપ્સને આ પહેલનો લાભ મળ્યો છે.

એટલું જ નહીં, વર્તમાન સરકારે 60થી વધુ નિયમનકારી સુધારાઓએ પાલનનો બોજ ઘટાડયો છે, મુડી એકત્ર કરવાનું સરળ બનાવ્યું છે અને સ્થાનિક સંસ્થાકીય રોકાણને મજબૂત બનાવ્યું છે. એન્જલ ટેક્સ નાબૂદ કરવા અને વૈકલ્પિક રોકાણ ભંડોળ માટે લાંબા ગાળાના મુડી માર્ગો ખોલવાથી સ્ટાર્ટઅપ ભંડોળ ઇકો સીસ્ટમ વધુ મજબૂત બની છે. બજાર એકસેસને પ્રાથમિકતા આપવામાં આવી છે.

સરકારી ઇ-માર્કેટપ્લેસ દ્વારા 35700થી વધુ સ્ટાર્ટઅપ્સને ઓનબોર્ડ કરવામાં આવ્યા છે. જેમને રૂ. 51200 કરોડથી વધુ મુલ્યના પાંચ લાખથી વધુ ઓર્ડર પ્રાપ્ત થયા છે. આ પ્રયાસો સાથે મજબૂત નાણાકીય સહાય પણ મળી છે. ફંડ ઓફ ફંડસ ફોર સ્ટાર્ટઅપ્સ યોજના હેઠળ વૈકલ્પિક રોકાણ ભંડોળ દ્વારા રૂ. 25500 કરોડથી વધુ રોકાણ કરવામાં આવ્યું છે. જેનાથી 1300થી વધુ સાહસોને ફાયદો થયો છે.

વિશ્વમાં મંદીનું સંકટ પણ ભારતનો દબદબો યથાવત રહ્યો

વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની નિકાસમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી રહી છે. આમ, વિશ્વ મંદીના સંકટમાં ગરકાવ થઇ રહ્યું છે, ત્યારે ભારતનો દબદબો યથાવત જોવાયો હતો. ડિસેમ્બર મહિનામાં પણ દેશની નિકાસમાં વૃદ્ધિ જોવા મળી હતી. વર્તમાન નાણા વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં ભારતે હોંગકોંગમાં પોતાની નિકાસમાં 20 ટકાનો નોંધપાત્ર વધારો હાંસલ કર્યો છે, જે ભારતીય નિકાસકારોના પ્રયાસોની સફળતા દર્શાવે છે.

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ છતાં વર્ષ 2023-24 દરમ્યાન ભારતની નિકાસ કુલ 238 દેશોમાંથી 115 દેશોમાં વધી છે. વાણિજ્ય મંત્રાલય અનુસાર દેશની કુલ નિકાસમાં 46.5 ટકા હિસ્સો ધરાવતા આ દ115 દેશોમાં યુએસ, યુએઇ, નેધરલેન્ડ,

ઓફ-બીટ

ચીન, યુકે, સાઉદી અરબ, સીંગાપુર, બાગ્લાદેશ, જર્મની અને ઇટલી જેવા દેશોનો સમાવેશ થાય છે.

વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, જેમ્સ, જવેલરી અને ટેલીકોમ સાધનો જેવા માલસામાનની મજબૂત માગને કારણે આ વૃદ્ધિ જોવા મળી છે. ગત નાણાકીય વર્ષ 2024ના એપ્રિલથી ઓકટોબર દરમ્યાન 3.60 બિલિયન ડોલરની નિકાસની સરખામણીએ, વર્તમાન નાણા વર્ષના સમાન સમયગાળામાં નિકાસનો આંકડો વધીને 4.36 બિલિયન ડોલર પર પહોંચ્યો છે. હોંગકોંગ ભારત માટે ટોચના 10 નિકાસ સ્થળો પૈકીનું એક છે અને દેશની કુલ નિકાસમાં તેનો હિસ્સો લગભગ 2

ટકા જેટલો રહ્યો છે.

અમેરિકા દ્વારા ભારતીય માલસામાન પર લાદવામાં આવેલા ઉંચા ટેરિફ પછી ભારતીય નિકાસકારો અને સરકાર દ્વારા નિકાસ બજારોમાં વિવિધતા લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હોંગકોંગમાં મળેલી આ સફળતા આ પ્રયાસોનું જ સકારાત્મક પરિણામ છે. ભારત હવે અમેરિકા સિવાયના અન્ય દેશોમાં પોતાની નિકાસ વધારી રહ્યું છે.

વર્તમાન નાણા વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં ભારતે હોંગકોંગમાં પોતાની નિકાસમાં 20 ટકાનો નોંધપાત્ર વધારો હાંસલ કર્યો

જે અમેરિકામાં નિકાસમાં થયેલા ઘટાડાને સરભર કરવામાં મદદ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક અનિશ્ચિતતાને કાણે ઓકટોબર મહિનામાં ભારતની કુલ નિકાસ 11.75 ટકા ઘટીને 34.35 બિલિયન ડોલર થઇ છે, પરંતુ હોંગકોંગમાં ભારતની નિકાસમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે યોગ્ય વ્યૂહરચનાના પરિણામો સ્પષ્ટ છે. નવા નિકાસ બજારો શોધવા ઉપરાંત, ભારત હાલના બજારોમાં પણ નિકાસ વધારવામાં સફળતા મેળવી રહ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતે 111 દેશોમાં ટેક્સટાઇલની નિકાસમાં 10 ટકાનો વધારો નોંધાવ્યો છે. ગત નાણા વર્ષના પ્રથમ છ મહિનામાં 771.85 મિલિયન ડોલરની સરખામણીએ, વર્તમાન નાણા વર્ષના સમાનગાળામાં ટેક્સટાઇલની નિકાસ 848.90 મિલિયન ડોલરની સરખામણીએ વર્તમાન નાણા વર્ષના સમાનગાળામાં ટેક્સટાઇળની નિકાસ 848.90 મિલિયન ડોલર પર પહોંચી છે.

એક સર્વેમાં જાણવા મળ્યું છે કે, દેશના 85 ટકા વેપાર ગૃહો વર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સાઉદી અરેબિયાને વેપાર અને રોકાણ માટે એક આકર્ષક સ્થળ માને છે. આ દર્શાવે છે કે ભારત વૈશ્વિક બજારોમાં પોતાની પકડ મજબૂત કરવા માટે સતત નવા અવસરો શોધી રહ્યું છે, જેનાથઈ દેશની આર્થિક પ્રગતિને વેગ મળી શકે. એપ્રિલથી ડિસેમ્બર 2025 દરમ્યાન ભારતની કુલ નિકાસ 2.44 ટકા વધીને 330.29 બિલિયન ડોલર થઇ છે, જે નિકાસ ક્ષેત્રમાં મજબૂતાઇ દર્શાવે છે. દરમ્યાન ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગે વાટાઘાટો ચાલુ છે. ઉદ્યોગ મંત્રાલયના સત્તાવાર આંકડા પ્રમાણે ડિસેમ્બર 2025માં ભારતની કુલ નિકાસ 74.01 બિલિયન ડોલર હતી, જે ડિસેમ્બર 2024માં 74.77 બિલિયન ડોલર કરતા થોડી ઓછી છે.

અમેરિકાના અહમના ટકરાવ વચ્ચે શેરબજાર અથડાતું રહેશે

ભારત સહિત વિશ્વભરના શેરબજારોનું સેન્ટિમેન્ટ ડહોળાઇ ગયું છે, કયારે ટ્રમ્પનો અહમનો ટકરાવ થાય અને બજારો ઉપર તેની અસર જોવા મળી શકે છે. ભારત અને અમેરિકાના ટ્રેડડીલનો સંવાદ ચાલી રહ્યો છે અને મહદઅંશે મુદ્દાઓના અંતિમ સ્વરૂપ પણ આપી દેવાયા છે, પણ હજુય ટ્રેડડીલની જાહેરાત કયારે થાય તે અંગેની મુદ્દત કહી શકાય તેમ નથી, જેનાથી રોકાણકારો ગુંચવાયેલા જોવા મળ્યા છે. બીજી તરફ, અમેરિકા એક પછી એક મુદ્દાઓ સાથે ચઢાઇ કરી રહ્યું છે. વેનેઝુએલા બાદ ગ્રીનલેન્ડ અને ઇરાનમાં અમેરિકાની દખલગીરીથી મુદ્દાઓ વધુ સળગી રહ્યા છે, જેનાથી જીયો પોલીટીકલ ઇશ્યુ વધુ ઘેરો બની ગયો છે. ઇઝરાયેલે ગાઝાપટ્ટીમાં હમાસને ઘુંટણીયે પાડી દીધું, રશિયાએ યુક્રેનને હંફાવી દીધું અને અમેરિકાએ વેનેઝુએલા પર કબજો મેળવીને ગ્રીનલેન્ડને પડાવી લેવા માટે નીકળ્યા

બજારમાં નીચા ભાવે એવરેજથી દૂર રહેવું, રોકાણકારોએ સાવચેત રહેવાની જરૂર

છે. જ્યારે ઇરાનમાં ચાલી રહેલા આંદોલનમાં આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યા છે અને તખ્ત પલટો કરવાના પ્રયાસો કરી રહ્યા છે. જેના લીધે વૈશ્વિક બજારોના સેન્ટિમેન્ટ ખરાબ થઇ રહ્યું છે. વિશ્વને અકળાવી મુકનારા ટ્રમ્પ ઘરઆંગણે પણ ભીડો લઇને યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન્ જેવોલ પોવેલ પર ભીંસ વધારીને પોતાની મનમાની કરવા નીકળ્યા છે. જેનો ઘર આંગણે જ પોવિરોધ થતાં ટ્રમ્પ પોતે જ એકલા પડી ગયા છે.

ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ વોરમાં સુપ્રીમ કોર્ટમાં મુદ્દત પડી રહી છે, જેના નિર્ણય

માર્કેટ વોચ

પર બજાર આતુરતાથી રાહ જઇ રહ્યા છે. જો ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર ઠેરવી દેવાય તો બજારમાં મોટી તેજી આવી શકે છે. જોકે, હાલમાં આ કહેવું વહેલું ગણાશે.

હાલમાં જીયો પોલીટીકલ ઇશ્યુને જોતાં ઇક્વિટી બજારના બદલે કોમોડિટીઝ બજારમાં મજબૂતાઇ જોવા મળી રહી છે. સોના-ચાંદીના ભાવો દિન પ્રતિદિન નવી ઐતિહાસિક સપાટી રચી રહ્યા છે.

જ્યારે ઇક્વિટી બજારમાં વેચવાલીનું દબાણ વધતું જોવા મળી રહ્યું છે અને ભાવો અસાધારણ તુટી રહ્યા છે, જે દર્શાવે છે કે, લોકલ ફંડો પણ પોતાનો પોર્ટફોલિયો ખાલી કરી રહ્યા છે. ફંડો ઇન્ડેક્સને ટકાવી રાખીને અનેક શેરો લોકોને પધરાવી રહીને એક્ટિઝ લેતા જોવા મળ્યા છે. જેથી હવે ફંડામેન્ટલ પણ લાંબાગાળાના ન હોય અને જે કંપનીઓ અસ્તિત્વનો લાંબો ઇતિહાસ ન ધરાવતી હોય તેવી કંપનીઓના શેરોમાં અત્યારે રોકાણ સુરક્ષિત નથી. નબળો શેરો વેચીને અલવીદા કરી દેવી, જે રોકાણકારો માટે લાભદાયી સાબિત થઇ શકે છે.

કોર્પોરેટ પરિણામોની મોસમ આવી છે અને આઇટી કંપનીઓના અપેક્ષાથી સારા રિઝલ્ટ રહ્યા હવા સાથે બેન્કોના રિઝલ્ટ પણ આવી રહ્યા છે અને આ રિઝલ્ટોમાં એનપીએ ઘટયા છે, જે સારી બાબત કહી શકાય. વિદેશી ઇન્સ્ટીટયુશનલ ઇન્વેસ્ટરોની વેચવાલી એકધારી થઇ રહી છે, જે અટકે નહીં અને બજેટમાં થનારી એવરેજ ઘાતક નીવડી શકે છે. જેથી શેરોમાં હાલ તુરત તુટતા ભાવોમાં એવરેજ કરવાથી પણ દુર રહેવું હિતાવહ છે. બજાર હજુય બોટમઆઉટ થયું નથી અને વિશ્વાસનો અભાવ જોવાઇ રહ્યો છે, જે શોરમાં ઉછાળે વેચવાલીનું દબાણ વધશે, તેવી પુરેપુરી શકયતા જોવાઇ રહી છે. આ પરિસ્થિતિને જોતાં હજુય આવનારા દિવસોમાં શેરબજાર અથડાતું જોવા મળી શકે છે. ખાસ કરીને યુએસ-ભારત ટ્રેડ ડીલ નહીં થાય અને જો રશિયાના ક્રુડ ઓઇલની ખરીદી કરે તો 500 ટકા ટેરિફનો હાઉ છે તે જોતાં આવનારા દિવસોમાં શેરબજાર માટે સારા દિવસો કહી શકાય નહીં. માત્ર કોર્પોરેટ પરિણામોથી બજારને થોડાક સમય માટે ટેકો મળી શકે તેમ છે, આ સિવાય બજારમાં ઉથલપાથલ ચાલુ રહે તેવું લાગી રહ્યું છે.